# 3 સ્વામી વિવેકાનંદ

Scanned with OKEN Scanner

# અભ્યાસ

## સ્વાધ્યાય

### મૌખિક

પ્ર.૧ કેશવ શું જિદ્દ કરી રહ્યો હતો ?

જ.૧ કેશવ વાર્તા સાંભળવાની જિદ્દ્ કરી રહ્યો હતો.

પ્ર.૨ શિક્ષકના પ્રશ્નોના ઉત્તર કોણે આપ્યા ?

જ.૨ નરેન્દ્રએ શિક્ષકના પ્રશ્નોના ઉત્તર આપ્યા.

પ્ર.૩ નરેન્દ્રને વિવેકાનંદ નામ કોણે આપ્યું હતું ?

જ.૩ નરેન્દ્રને વિવેકાનંદ નામ તેમના ગુરુ રામકૃષ્ણ પરમહંસે આપ્યું હતું.

પ્ર.૪ સ્વામી વિવેકાનંદે ભારતનું માન કેવી રીતે વધાર્યું ?

જ.૪ પોતાના કાર્યો અને વિચારોથી સ્વામી વિવેકાનંદે ભારતનું માન વધાર્યું.

### લિખિત

૧. પ્ર.૧ વિદ્યાર્થીઓને શા માટે શિક્ષા કરવામાં આવી ?

જ.૧ શિક્ષક વર્ગમાં અધ્યયન કરાવી રહ્યા હતા અને વિદ્યાર્થીઓ વાતો કરી રહ્યા હતા. અધ્યાપકે તેમને પ્રશ્નો પૂછ્યા,જેનો ઉત્તર તેઓ ન આપી શકતાં શિક્ષા કરવામાં આવી.

પ્ર.૨ સ્વામી વિવેકાનંદનો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો ?



Scanned with OKEN Scanner

જ.૨ ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩ના રોજ કોલકાતામાં તેમનો જન્મ થયો હતો.

**પ્ર.૩ શિકાગોની સભામાં તાળીઓ શા માટે ગુંજી ઊઠી ?**

જ.૩ સ્વામી વિવેકાનંદનું સંબોધન ભાઈઓ અને બહેનો સાંભળીને શિકાગોની સભામાં તાળીઓ ગુંજી ઊઠી.

**પ્ર.૪ સફળતા ક્યારે મળે છે ?**

જ.૪ પોતાનું સંપૂર્ણ ધ્યાન કામ પર લગાવવાથી સફળતા મળે છે.

**પ્ર.૫ નીચે દર્શાવાયેલ વાક્યોને પાઠમાં અપાયેલ ઘટનાક્રમ મુજબ ગોઠવો. (ઉદાહરણ પ્રમાણે બીજા વાક્યોને ક્રમ આપો.)**

૧. શિક્ષકે બધાને પ્રશ્નો પૂછ્યા. ···૩···

૨. કેશવ નામના વિદ્યાર્થીએ વાર્તા સાંભળવાની હઠ કરી. ···૧···

૩. કેટલાક યુવાનો કાચલાની છાલ પર નિશાન તાકી રહ્યા હતા. ···૫···

૪. સ્વામી વિવેકાનંદે શિકાગોમાં વક્તવ્ય આપ્યું. ···૪···

૫. તેમનો સંદેશ હતો, ''ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો.'' ···૬···

૬. સહપાઠીઓ વાર્તા સાંભળવામાં મશગૂલ થઈ ગયા. ···૨···

**૨. નીચે દર્શાવાયેલ પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાં ✓ ની નિશાની કરો.**

**૧. સ્વામી વિવેકાનંદનું બાળપણનું નામ હતું.**

☑ નરેન્દ્ર ☐ વિવેક ☐ આનંદ ☐ કેશવ

**૨. નરેન્દ્ર પર વિશેષ પ્રભાવ રહ્યો.**

☐ પિતાશ્રીનો ☑ માતાશ્રીનો ☐ મિત્રનો ☐ ગુરૂજીનો

**૩. તેમણે વક્તવ્ય આપ્યું.**

☐ ન્યૂયોર્કમાં ☐ દિલ્હીમાં ☑ શિકાગોમાં ☐ ડેન્માર્કમાં

**મૂલ્યવર્ધક પ્રશ્ન.**

જ. જીવનમાં સફળ બનવા માટે ઈમાનદારી, સચ્ચાઈ, પરિશ્રમ, એકાગ્રતા વગેરે ગુણ આવશ્યક છે. આ ગુણો વ્યક્તિને સફળતા અપાવવાની સાથે મહાન બનાવે છે. સદાચારી અને ગુણી વ્યક્તિ સ્વસ્થ સમાજ અને ઉન્નત દેશનું નિર્માણ કરે છે.

## ભાષાજ્ઞાન

**૧. સમજો અને લખો.**

આવવા + વાળા = ···આવવા વાળા···

બહુ + મુખી = ···બહુમુખી···

બોલવા + વાળા = ···બોલવાવાળા···

બુદ્ધિ + હીન = ···બુદ્ધિહીન···



Scanned with OKEN Scanner

દેશ + ભક્ત = ···દેશભક્ત··· | ન્યાય + પ્રિય = ···ન્યાયપ્રિય···

૨. **નીચે દર્શાવાયેલ શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| વિદેશ | × | ···સ્વદેશ··· | ધર્મ | × | ···અધર્મ··· | સફળ | × | ···અસફળ··· |
| પ્રશ્ન | × | ···ઉત્તર··· | વક્તા | × | ···શ્રોતા··· | દેશભક્ત | × | ···દેશદ્રોહી··· |

૩. **ઉદાહરણ પ્રમાણે વર્ણ-વિચ્છેદ કરો.**

યાચક = ··ય·· + ··આ·· + ··ચ·· + ··ક··

પ્રતિભા = ··પ્·· + ··ર·· + ··અ·· + ··ત્·· + ··ઈ·· + ··ભ્·· + ··આ··

કુશાગ્ર = ··ક્·· + ··ઉ·· + ··શ્·· + ··આ·· + ··ગ્·· + ··ર·· + ··અ··

શ્રોતા = ··શ્·· + ··ર·· + ··ઓ·· + ··ત્·· + ··આ··

૪. **નીચે દર્શાવાયેલ વાક્યોમાંથી નામ અને સર્વનામ અલગ કરીને રિક્ત સ્થાનોની પૂર્તિ કરો.**

| | સંજ્ઞા | સર્વનામ |
|---|---|---|
| ૧. તેઓ અમેરિકા ગયા. | ···અમેરિકા··· | ···તેઓ··· |
| ૨. હું વાર્તા સંભળાવી રહ્યો હતો. | ···વાર્તા··· | ···હું··· |
| ૩. તેને સંદેશ મળ્યો. | ···સંદેશ··· | ···તેને··· |
| ૪. તેમણે વિશ્વનું ભ્રમણ કર્યું. | ···વિશ્વ··· | ···તેમણે··· |

૫. **નીચે દર્શાવાયેલ શબ્દોનું લિંગ પરિવર્તન કરો.**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| શિક્ષક | = | ···શિક્ષિકા··· | સહપાઠી | = | ···સહપાઠિકા | અધ્યાપક | = | ··અધ્યાપિકા··· |
| લેખક | = | ···લેખિકા··· | છોકરો | = | ···છોકરી··· | બાળક | = | ···બાળકી··· |

Scanned with OKEN Scanner

# 4 નવરાત્રી

Scanned with OKEN Scanner

# અભ્યાસ

## સ્વાધ્યાય

### મૌખિક

**પ્ર.૧ નવરાત્રી કયા દેવીની ઉપાસનાનો તહેવાર છે ?**

જ.૧ નવરાત્રી માતા દુર્ગાની ઉપાસનાનો તહેવાર છે.

**પ્ર.૨ નવરાત્રી કેટલા દિવસ સુધી ઉજવવામાં આવે છે ?**

જ.૨ નવરાત્રી નવ (૯) દિવસ સુધી ઉજવવામાં આવે છે.

**પ્ર.૩ વિજયાદશમી ક્યારે આવે છે ?**

જ.૩ વિજયાદશમી નવરાત્રીના ૯ દિવસ પછી દસમા દિવસે આવે છે તે આસો મહિનાના શુક્લપક્ષની દસમને દિવસે આવે છે.

### લિખિત

૧. **પ્ર.૧ કયા અસુરનો વધ માતા દુર્ગાએ કર્યો હતો ?**

જ.૧ માતા દુર્ગાએ મહિષાસુરનો વધ કર્યો હતો.

**પ્ર.૨ માતા દુર્ગાની ઉત્પત્તિ કરનાર કોણ હતું ?**

જ.૨ બ્રહ્મા, વિષ્ણુ અને શિવની શક્તિના સમન્વયથી માતા દુર્ગાની ઉત્પત્તિ થઈ હતી.

**પ્ર.૩ ગુજરાતનું કયું નૃત્ય પ્રખ્યાત છે ?**

જ.૩ ગુજરાતનું ગરબાનું નૃત્ય પ્રખ્યાત છે.

**પ્ર.૪ ભગવાન રામે રાવણનો વધ શા માટે કર્યો હતો ?**

જ.૩ ભગવાન રામના પત્ની માતા સીતાનું રાવણે અપહરણ કર્યું હતું. તેથી ભગવાન રામે તેનો વધ કર્યો



Scanned with OKEN Scanner

હતો.

૨. **યોગ્ય શબ્દ પસંદ કરીને રિક્તસ્થાનોની પૂર્તિ કરો.**

(અશ્વિન, શિવ, હિંદુ, નવ, રાવણ)

૧. નવરાત્રી ····હિંદુ···· ઓનો તહેવાર છે.

૨. મહિષાસુરે ભગવાન ····શિવ···· ની આરાધના કરી હતી.

૩. ગુજરાતી લોકો ····નવ···· દિવસ સુધી ગરબા રમે છે.

૪. નવરાત્રી ····અશ્વિન···· મહિનામાં આવે છે.

૫. દશેરાના દિવસે ····રાવણ···· ના પૂતળાનું દહન કરવામાં આવે છે.

૩. **નીચે દર્શાવાયેલ પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી ✓ ની નિશાની કરો.**

૧. **નવરાત્રી કયા મહિનામાં આવતો તહેવાર છે ?**

☐ મહા ☐ ફાગણ ☑ અશ્વિન ☐ કાર્તિક

૨. **ભગવાન રામે લડાઈમાં કયા અસુરનો વધ કર્યો ?**

☐ મહિષાસુર ☑ રાવણ ☐ બકાસુર ☐ વિભિષણ

૩. **વિજયાદશમીને અન્ય કયા નામે ઓળખવામાં આવે છે ?**

☐ વસંતપંચમી ☐ ઉત્તરાયણ ☐ બીહુ ☑ દશેરા

૪. **ગુજરાતનું કયું નૃત્ય નવરાત્રી દરમિયાન લોકપ્રિય છે ?**

☐ ભરતનાટ્યમ્ ☑ ગરબા ☐ જન્માષ્ટમી ☐ કથ્થકલી

**મૂલ્યવર્ધક પ્રશ્ન.**

૪. આપણે હંમેશાં શા માટે ધર્મનું પાલન કરવું જોઈએ.
ધર્મનું પાલન એટલે કે ઈશ્વરે બતાવેલા રસ્તાનું પાલન.
ધર્મનું પાલન એટલે કે સત્યનો માર્ગ.
ધર્મનું પાલન એટલે કે જીવનની સાર્થકતા.
અધર્મનો ત્યાગ કરી આપણે હંમેશાં ધર્મનું પાલન કરવું જોઈએ.

## ભાષાજ્ઞાન

૧. **નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો.**

| | | | |
|---|---|---|---|
| શ્રદ્ધા | ···વિશ્વાસ··· | વિવિધ | ···અનેકવિધ··· |
| સમન્વય | ···સંગમ··· | અસુર | ···રાક્ષસ··· |
| સંધ્યા | ···સાંજ··· | આનંદ | ···ખુશી··· |
| પ્રિય | ···ગમતું··· | વિજય | ···જીત··· |



Scanned with OKEN Scanner

આરોગવું ···જમવું/ખાવું··· પ્રતીક ···ચિહ્ન···

૨. **નીચેના વાક્યો સુધારીને લખો.**

૧. નવરાત્રી ગુજરાતની પ્રજાનું પ્રિય તહેવાર છે.

···નવરાત્રી··ગુજરાતની··પ્રજાનો··પ્રિય··તહેવાર··છે.···

૨. માતા દુર્ગાએ મહિષાસુરની વધ કરી હતી.

···માતા··દુર્ગાએ··મહિષાસુરનો··વધ··કર્યો··હતો.···

૩. રાવણ નામના દાનવે માતા સીતાનો અપહરણ કર્યું હતું.

···રાવણ··નામના··દાનવે··માતા··સીતાનું··અપહરણ··કર્યું··હતું.···

૪. રાસ-ગરબા નૃત્યની પ્રકાર છે.

···રાસ-ગરબા··નૃત્યનો··પ્રકાર··છે.···

Scanned with OKEN Scanner

# 5 આપણો ત્રિરંગી રાષ્ટ્રધ્વજ

Scanned with OKEN Scanner

# અભ્યાસ

## સ્વાધ્યાય

### મૌખિક

**પ્ર.૧ આપણે આપણા ધ્વજને 'તિરંગો' શા માટે કહીએ છીએ ?**

જ.૧ ત્રણ રંગોથી બનેલ હોવાના કારણે આ ઝંડાને તિરંગો કહે છે.

**પ્ર.૨ આપણે આપણા તિરંગાને શા માટે સદા ઉચ્ચ સ્થાને રાખવા ચાહીએ છીએ ?**

જ.૨ તે ઝંડો આપણી આન પણ છે અને પ્રાણ પણ. દેશની શાનને સદા જાળવી રાખવા માટે આપણે તેને ઊંચો રાખવા ઈચ્છીએ છીએ.

**પ્ર.૩ તિરંગા ઝંડામાં કયા-કયા રંગ છે ?**

જ.૩ તિરંગા ઝંડામાં ત્રણ રંગ છે – કેસરી, સફેદ અને લીલો.

**પ્ર.૪ અશોક ચક્ર કઈ બાબતનું પ્રતીક છે ?**

જ.૪ અશોક ચક્ર ગતિ અને પ્રગતિનું પ્રતીક છે.

**પ્ર.૫ નીચે દર્શાવાયેલ શબ્દોનું શુદ્ધ ઉચ્ચારણ કરો.**

જ.૫ વિદ્યાર્થીઓ સ્વયં શુદ્ધ ઉચ્ચારણ કરે. પ્રથમ શિક્ષક કરે અને સાથે-સાથે વિદ્યાર્થીઓને બોલવાનું રહે.

### લિખિત

૧. **પ્ર.૧ તિરંગાનો કેસરી રંગ શેની યાદ અપાવે છે ?**

જ.૧ કેસરી રંગ બહાદુરીનો પ્રતીક છે. તે આપણને એ વીરોની યાદ આપે છે, જેમણે દેશને આઝાદ કરાવવા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું.



Scanned with OKEN Scanner

**પ્ર.૨ સફેદ રંગ કયો સંદેશ આપે છે ?**

જ.૨ વિચારોની પવિત્રતા દર્શાવતો સફેદ રંગ મહાત્મા બુદ્ધની દયા અને મહાત્મા ગાંધીની અહિંસાનો સંદેશ પણ આપે છે.

**પ્ર.૩ લીલો રંગ કઈ-કઈ જગ્યાએ જોવા મળે છે ? તેમાં શું ગહન છે ?**

જ.૩ લીલો રંગ ભારતના ખેતરો અને મેદાનોમાં ફેલાયેલો/વિસ્તરેલો જોવા મળે છે. તેમાં હરિયાળી અને ખુશી છૂપાયેલી છે.

**પ્ર.૪ આપણે તિરંગાનું સન્માન કઈ રીતે કરીએ છીએ ?**

જ.૪ આપણે એ ધ્યાન રાખીએ છીએ કે ઝંડાને ફરકાવતી વખતે અને ઊતારતી વખતે તે જમીનને સ્પર્શે નહી. રાષ્ટ્રધ્વજને ફરકાવતી વખતે આપણે સાવધાનની મુદ્રામાં ઊભા રહીએ છીએ.

**પ્ર.૫ આપણે રાષ્ટ્રધ્વજની નીચે ઊભા રહીને શું પ્રતિજ્ઞા લઈએ છીએ ?**

જ.૫ આપણે આ ઝંડાની નીચે ઉભા રહીને દેશને હર્યો ભર્યો અને ખુશ બનાવવાનું પ્રણ લઈએ છીએ.

**૨. નીચે દર્શાવાયેલ શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને વાક્યપૂર્તિ કરો.**

૧. ···કેસરી··· રંગનો અર્થ છે - બહાદુરી.

૨. સફેદ રંગ આપણી પવિત્રાને દર્શાવે છે.

૩. પ્રતિવર્ષ ···૧૫ ઓગષ્ટ··· ના દિવસે આપણા વડાપ્રધાન આ ધ્વજને લાલ કિલ્લા પર ફરકાવે છે.

૪. ···લીલા··· રંગનો અર્થ છે હરિયાલી અને ખુશી.

૫. તિરંગાની મધ્યમાં એક ···અશોકચક્ર··· બનેલું જોવા મળે છે.

**૩. નીચે દર્શાવાયેલ પાઠનો અંશ વાંચીને પ્રશ્નોના ઉત્તર લખો.**

**ધ્વજમાં રહેલ ......................... સમાયેલી છે.**

૧. લીલો રંગ કયાં વિસ્તરાયેલો જોવા મળે છે ?

જ.૧ લીલો રંગ ભારતના ખેતરો અને મેદાનોમાં વિસ્તરેલો છે.

૨. ભારત કયા વર્ગનો દેશ છે ?

જ.૨ ભારત ખેડૂતો અને શ્રમિકોનો દેશ છે.

૩. લીલા રંગમાં શું સમાયેલું છે ?

જ.૩ લીલા રંગમાં પંચવર્ષીય યોજનાની સફળતા સમાયેલી છે.

**૪. નીચે દર્શાવાયેલ પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાં ✓ ની નિશાની કરો.**

**૧. રાષ્ટ્રધ્વજ ફરકાવતી વખતે આપણે તેનું સન્માન કઈ રીતે કરીએ છીએ ?**

☐ રાષ્ટ્રધ્વજ ગાન કરીને ☑ ઊભા રહીને

☐ તાળી વગાડીને ☐ પ્રતિજ્ઞા લઈને

**૨. રાષ્ટ્રધ્વજના કયા રંગમાં પંચવર્ષીય યોજનાઓની સફળતા સમાયેલી છે ?**

☑ લીલા ☐ કેસરી ☐ સફેદ ☐ લીલો-સફેદ



Scanned with OKEN Scanner

**મૂલ્યવર્ધક પ્રશ્ન.**

૭. દેશની સેવા માટે આપણે દેશની સ્વચ્છતા, યોગ્ય શિક્ષણ વગેરે સદ્‌ગુણોનો વિકાસ થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. દેશપ્રતિ પ્રેમ, આદર, દેશભક્તિની ભાવના રાખવી જોઈએ. ગરીબ અને અસહાય લોકોને મદદ કરીને પણ આપણે દેશની સેવા કરી શકાય છે.

## ભાષાજ્ઞાન

**૧. ગદ્યપાઠનું પઠન કર્યા બાદ નીચેના શબ્દો માટે સમાનાર્થી શબ્દ લખો.**

| | | | |
|---|---|---|---|
| કેસર જેવા રંગનું | ···કેસ··· | પાંચ વર્ષો માટેનું | ···પંચવર્ષીય··· |
| ત્રણ રંગોનું બનેલ | ···ત્રિરંગી··· | આઝાદી | ··સ્વતંત્રતા·· |
| શપથ | ···પ્રતિજ્ઞા··· | સૂચક | ···પ્રતીક··· |

**૨. નીચે દર્શાવાયેલ વિશેષણોને વાંચીને ભાવવાચક સંજ્ઞાની રચના કરો.**

| **વિશેષણ** | | **ભાવવાચક સંજ્ઞા** | **વિશેષ** | | **ભાવવાચક સંજ્ઞા** |
|---|---|---|---|---|---|
| બહાદુર | = | ···બહાદુરી··· | આઝાદ | = | ···આઝાદી··· |
| ખુશ | = | ···ખુશી··· | સફેદ | = | ···સફેદી··· |
| સ્વતંત્ર | = | ···સ્વતંત્રતા··· | પવિત્ર | = | ···પવિત્રતા··· |
| મહાન | = | ···મહાનતા··· | સફળ | = | ···સફળતા··· |

**૩. કૌંસમાં દર્શાવાયેલ વિશેષણ ઉપરથી ભાવવાચક સંજ્ઞાની રચના કરી, રિક્ત સ્થાનોની પૂર્તિ કરો.**

૧. દરેક જીવજંતુઓ ઉપર ···દયા··· કરો. (દયાળુ)

૨. મહાત્મા ગાંધી એ આપણને ···અહિંસા··· નો પાઠ ભણાવ્યો છે. (અહિંસક)

૩. સર્વે લોકોમાં ···લાગણી··· વહેંચો. (લાગણીશીલ)

૪. રાષ્ટ્રગીતના ગાન વખતે ચારે તરફ ···શાંતિ··· થઈ ગઈ. (શાંત)

૫. ···પરિશ્રમ··· થી જ દરેક વ્યક્તિ સફળ થાય છે. (પરિશ્રમી)

**૪. 'ર' ના વિવિધ રૂપ :**

મ+ર+અ = નમ્રતા　　　　વ+ર+ગ = વર્ગ

**સ્વર સહિત 'ર' અને સ્વર રહિત 'ર' દર્શાવતા શબ્દો અહીં લખો.**

**સ્વર સહિત –** પ્રતિજ્ઞા, સમ્રાટ, પ્રણ, ક્રમ.　　**સ્વર રહિત –** ધર્મ, કર્મ, મર્મ, જુર્મ, પર્વ, ગર્વ

Scanned with OKEN Scanner

# નિબંધ - ચોમાસું

વર્ષની મુખ્ય ત્રણ ઋતુઓ છે: શિયાળો, ઉનાળો અને ચોમાસું.

ચોમાસામાં વરસાદ પડે છે, તેથી તેને વર્ષાઋતુ પણ કહે છે. ચોમાસામાં આકાશ કાળાં કાળાં વાદળાંથી છવાઈ જાય છે. વીજળીના ચમકારા અને વાદળાંનો ગડગડાટ સાથે વરસાદ તૂટી પડે છે. મોર કળા કરીને નાચે છે. દેડકાં 'ડ્રાઉં...', 'ડ્રાઉં...' કરે છે.

ચોમાસામાં ખેડૂતો ખેતર ખેડે છે. તે ખેતરમાં બી વાવે છે. થોડા દિવસોમાં એ બીમાંથી લીલાછમ છોડ ઊગી નીકળે છે. કૂવા, તળાવ, નદીનાળાં પાણીથી ભરાઈ જાય છે.

ચોમાસામાં રક્ષાબંધન, જન્માષ્ટમી, નવરાત્રી અને ગણેશચતુર્થી જેવા મોટા તહેવારો આવે છે.

ચોમાસું આપણને ઘણી ઉપયોગી ઋતુ છે.

—×—×—×—×—

# ૧૫ મી ઑગસ્ટ (સ્વાતંત્ર્યદિન)

પંદરમી ઑગસ્ટ આપણો રાષ્ટ્રીય તહેવાર છે.

૧૫ મી ઑગસ્ટ, ૧૯૪૭ ના રોજ આપણો દેશ આઝાદ થયો. ત્યારથી દર વર્ષે આ દિવસે આપણે સ્વાતંત્ર્યદિન ઊજવીએ છીએ.

પંદરમી ઑગસ્ટે શાળાઓમાં ધ્વજવંદન થાય છે. શાળાના મેદાનમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે. રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવે છે. રાષ્ટ્રગીત ગવાય છે. પછી સાંસ્કૃતિક કાર્યક્રમ થાય છે. દિલ્લીમાં લાલ કિલ્લા પર આપણા વડાપ્રધાન રાષ્ટ્રધ્વજ ફરકાવે છે.

આપણે આપણો સ્વાતંત્ર્યદિન હોંશે હોંશે ઊજવીએ અને આપણી આઝાદીનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા લઈએ.

==x==x==x==x==

Scanned with OKEN Scanner

# વ્યાકરણ - સંજ્ઞા

## ★ વ્યાખ્યા :-

વ્યક્તિ, પ્રાણી, પક્ષી કે પદાર્થને સૂચવતા પદને સંજ્ઞા (નામ) કહે છે. વિવિધ ભાવને પણ સંજ્ઞા કહેવામાં આવે છે.

## ★ ઉદાહરણ :-

સુખ, ગરમી, પ્રેમ, મીઠાશ, ઈમાનદારી, કબાટ, કાતર, ચોપડી, પંખો, પર્વત, નદી, ફૂલ, ઝાડ, ગામ, શહેર વગેરેને ઓળખવા માટે નામ પાડેલાં હોય છે.

## ★ વાક્યો :-

(૧) બગીચો સુંદર છે.

(૨) સૂરજ ઊગ્યો છે.

(૩) કેરી મીઠી છે.

(૪) આ ચોપડી છે.

(૫) છોકરો દોડે છે.

(૬) રમેશ રમે છે.

(૭) પાણી ઠંડું છે.

(૮) અમદાવાદ એક મોટું શહેર છે.

(૯) ગાંધીજી આપણા રાષ્ટ્રપિતા છે.

(૧૦) શાળા બંધ છે.

Scanned with OKEN Scanner

# સંખ્યા :- ૨૧ થી ૪૦

| | | | |
|---|---|---|---|
| ૨૧ - | એકવીસ | ૩૧ - | એકત્રીસ |
| ૨૨ - | બાવીસ | ૩૨ - | બત્રીસ |
| ૨૩ - | ત્રેવીસ | ૩૩ - | તેત્રીસ |
| ૨૪ - | ચોવીસ | ૩૪ - | ચોત્રીસ |
| ૨૫ - | પચ્ચીસ | ૩૫ - | પાંત્રીસ |
| ૨૬ - | છવ્વીસ | ૩૬ - | છત્રીસ |
| ૨૭ - | સત્તાવીસ | ૩૭ - | સાડત્રીસ |
| ૨૮ - | અઠ્ઠાવીસ | ૩૮ - | આડત્રીસ |
| ૨૯ - | ઓગણત્રીસ | ૩૯ - | ઓગણચાળીસ |
| ૩૦ - | ત્રીસ | ૪૦ - | ચાળીસ |

Scanned with OKEN Scanner